## અંગ્રેજીભાષા: જૈનધર્મ: જૈનદર્શન

### લેખાંક : ૨

હું વિદ્યાર્થી તરીકે ભણવા માટે બનારસ આવ્યો છું એવું વાતાવરણ મેં નહોતું બનવા દીધું. जैन मुनि रिसर्च के लिए आएं हैं -એવી વાત વહેતી થઈ હતી. આનો ફાયદો એ થયો કે મોટાગજાના વિદ્વાનો અને પ્રોફેસરો સાથે પરિચય થતો રહ્યો. મારાં મનમાં હંસ-પરમહંસના ગુપ્તવાસની કથા ચાલતી હતી. તેઓ બૌદ્ધ આશ્રમમાં રહ્યા હતા અને ત્યાંની શૈક્ષણિક ગતિવિધિઓને નજીકથી જોઈ રહ્યા હતા. મારે બનારસમાં જૈનધર્મ ઉપર શું શું કામ થાય છે, તે જોવું હતું.

સૌથી પહેલું શીખવા મળ્યું કે, બનારસમાં "જૈન દર્શન" બોલવાનું હોય. જૈનધર્મ એ શ્રદ્ધાનો શબ્દ છે. જૈનદર્શન એ શૈક્ષણિક શબ્દ છે. જૈનધર્મ એટલે શ્રદ્ધાપૂર્વકની આચાર પ્રણાલિ, જે પવિત્ર છે. જૈનદર્શન એટલે ભારતીય દર્શન શાસ્ત્રનો એક એવો અધ્યાય જેમાં ષડ્દર્શનની જેમ જ આ વિશ્વની પદાર્થવ્યવસ્થા અંગેની નિજી સ્વતંત્ર રજૂઆત થયેલી છે. જૈનધર્મ અંગત શ્રદ્ધાનો શબ્દ છે.

હું કોઈ પીએચડી કરવાનો નથી એવું પણ સ્પષ્ટ રાખ્યું હતું. રિસર્ચમાં તો પીએચડીથી આગળની ઘણી વાતો હોય છે. છેલ્લા એકસો વરસમાં જૈન દર્શનમાં સંસ્કૃત ગ્રંથકારો કેટલા થયા છે અને એમની રચનાઓનો પરિચય કેવી રીતે તૈયાર થઈ શકે, આ હતો મારા રિસર્ચનો વિષય. શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી અને તેરાપંથી આ ચાર જૈન પરંપરામાં સંસ્કૃત ગ્રંથલેખન થયું છે, તે સબંધી માહિતીનું સંકલન હું કરતો રહ્યો. અને આ ઉદ્દેશથી અલગ અલગ વિદ્વાનો સાથે વાર્તાલાપ કરતો રહ્યો.

પરંતુ બનારસ આવ્યા બાદ સમજવામાં આવ્યું કે જૈનદર્શન વિશે અંગ્રેજી ભાષામાં જે ગતિવિધિઓ થઈ રહી છે, તેનું સ્તર કંઈક અલગ જ છે.

અલગ અલગ દર્શનનો અભ્યાસ કરી ચૂકેલા વિદ્વાનો અને વિદ્યાર્થીઓ જૈનદર્શન અંગે જાણકારી મેળવવા બનારસ, દિલ્હી, અમદાવાદ, લાડનૂ જેવા શહેરોમાં આવે છે. એમને જૈનદર્શન સંબંધી વિવિધ જાણકારી મળે તે માટે વર્કશોપ યોજવામાં આવે છે, અલગ અલગ વિદ્વાનો અંગ્રેજીમાં વકતવ્ય આપે છે. આ વર્કશોપમાં સ્થાનિક વિદ્યાર્થીઓ પણ જોડાય છે.

ભારતીય દર્શન સંબંધી અગણિત વર્કશોપ થતી રહે છે. આના મુકાબલે જૈનદર્શન સંબંધી વર્કશોપ ઓછી થતી હોય છે. આ વર્કશોપનું પ્રારૂપ જૈનધર્મ સાથે સુસંગત હોતું નથી. પગમાં ચંપલ પહેરીને વિદ્યાર્થીઓ બેઠા હોય, વિદેશી વિદ્યાર્થીઓ ચા પીતાં પીતાં સાંભળતા હોય-એવું બધું જોવા મળે. આની સાથે સહમત થઈ શકાય નહીં. પરંતુ જે વકતાઓ આવે છે તેમના બોધનું સ્તર ગજબનાક હોય છે.

(૧) શ્રોતા જૈનદર્શનને સમર્પિત નથી એ સ્પષ્ટ હોય છે. હજી વકતાનાં મનમાં શ્રોતાને જૈનદર્શનથી પ્રભાવિત થવાનું મન હોઈ શકે છે. રજૂઆત એવી હોવી જોઈએ કે શ્રોતા જૈનદર્શનથી પ્રભાવિત થયા વિના રહે નહિ. વિદેશી ઉપરાંત કોઈ બ્રાહ્મણ, કોઈ શીખ, કોઈ મુસ્લિમ, કોઈ દલિત, સભામાં બેઠો હોય. એ પોતપોતાના દર્શન અથવા ધર્મની તરફેણમાં રહીને જ વિચારતો હોય. એનાં શ્રદ્ધાભાવને અપમાનિત કર્યા વિના એને જ જૈનદર્શન તરફ આકર્ષિત કરવો એ વકતાનું લક્ષ્ય હોય છે.

(૨) વકતા અંગ્રેજીમાં બોલે છે. એમનું ભાષા પરનું પ્રભુત્વ જબરદસ્ત હોય છે. એટલું સરસ અંગ્રેજી



Scanned by CamScanner

તેઓ બોલતા હોય છે કે તબિયત ખુશ થઈ જાય. **મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ** આ ચાર મૂળ દૂષણોના પાયા પર આઠ કર્મો કેવી રીતે ઊભા છે તે સમજાવી રહેલા એક પ્રબુદ્ધ વકતાએ કલાકો સુધી અંગ્રેજીમાં જ બધી વાત રજૂ કરી હતી, તે કાનોકાન સાંભળી. વિદેશી શ્રોતા પ્રશ્ન કરે એનો જવાબ આપતી વખતે મિથ્યાત્વને વિસ્તારપૂર્વક ફરીથી સમજાવે, એવો વક્તા પોતાની ધારદાર અંગ્રેજી ભાષાને લઈને જીતી જતો હોય એવું પણ દેખાય.

દર વરસે સેંકડો સેંકડો વિદેશીઓ બનારસ આવે છે. અંગ્રેજીમાં વક્તવ્ય રજૂ કરનારા જૈન વિદ્વાનોને સાંભળે છે. બીજા દર્શનોની તુલનામાં જૈનદર્શન ક્યાં કેવી રીતે અલગ છે, આગળ છે તે સાંભળે છે.

જૈનદર્શનનું કર્મ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, શિલ્પ શાસ્ત્ર, સ્યાદ્વાદ અને સપ્તભંગી રહસ્ય, બાર ભાવના બાર વ્રત, પંચ મહાવ્રત, અપરિગ્રહ-ભાવ, પ્રતિક્રમણ, આલોચના...આવા અનેક વિષયો પર સડસડાટ અંગ્રેજીમાં બોલનારા વક્તાઓને સંસ્કૃત ભાષા સાથે ખાસ કોઈ લેવા દેવા નથી હોતી, પણ તેમના વિષયબોધને કોઈ વિદ્યાર્થી પડકારી ન શકે.

(૩) વક્તાનાં વકતવ્યમાં વાર્તા, જોકસ, શાયરી કે ભાવનાત્મકતા બિલકુલ હોતી નથી. સબ્જેક્ટ ઓરિએન્ટેડ અને સબ્જેકટ રિલેટેડ વકતવ્ય હોય છે. વક્તા વિષય બહાર જાય તો શ્રોતા અટકાવી શકે છે. વક્તાની રજૂઆતમાં સમજાવટનો ભાગ વધુ હોય છે. અને ઉદ્ધરણ ટાંકવાનો ભાગ ઓછો હોય છે. મુખ્ય મુદ્દા અને અવાંતર મુદ્દા બે પર કેન્દ્રિત રહે છે વકતવ્ય. પ્રસ્તાવના અને ઉપસંહાર ટૂંકાણમાં પતે છે.

(૪) દરેક વકચવ્યના અંતે પ્રશ્નોત્તરીનું સેશન હોય છે. વક્તા જે બોલ્યા તેના સંબંધી પ્રશ્નો પૂછી શકાય અને વક્તા વિગતવાર જવાબ આપે. આ સેશનને પૂરતો સમય ફાળવવામાં આવે છે.

(૫) એક વર્કશોપમાં દશથી વધુ વકતવ્યો થાય. પંદર દિવસની વર્કશોપમાં તો કેટલાય વકતવ્યો રજૂ થાય. વર્કશોપના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓ પેપર પ્રેઝન્ટેશનમાં જોડાય, દરેક વિદ્યાર્થી વક્તવ્ય આપે. આ વિદ્યાર્થીઓનાં વકતવ્યમાં પોતાની આગવી રજૂઆત કરનારા વિદ્યાર્થીઓ પણ જોરદાર હોય. એમ ન લાગે તે આ વિદ્યાર્થી બોલે છે. એવું જ લાગે કે આ કોઈ શિક્ષક કે પ્રોફેસર બોલે છે.

આવી વર્કશોપમાં જે વક્તાઓ આવે તેમને હું અલગથી મળવા બોલાવતો. તેમની સાથે વાતો કરતો. આ દિશામાં કેવી રીતે વળ્યા, આ પ્રવૃત્તિ કેટલા વખતથી ચાલુ છે, એવું બધું પૂછતો. ભારતમાં અને ભારત બહારની મોટી મોટી યુનિવર્સિટીમાં વિજ્ઞાન, ગણિત, જેવા કઠિન વિષયો ભણાવનારા પ્રોફેસરો, અવાંતર પ્રવૃત્તિ તરીકે જૈનદર્શનનો અભ્યાસ કરતા અને એમાંથી જૈનદર્શનના પ્રવકતા બન્યા. એવા બધા જવાબ મળતા. જેમનું શૈક્ષણિક સ્તર ઊંચું હોય તે નાસ્તિક હોય છે, એવું જોવા મળે છે, મોટેભાગે. આ શૈક્ષણિક ધુરંધરો, જૈનદર્શનના પ્રવકતા છે એ જોઈને ખુશી મળતી. આ પ્રોફેસરો કબૂલે પણ ખરા કે – **हम तो नास्तिक थे । ये जैनदर्शन को पढ़ते-पढाते रहें उसमें कब आस्तिक हो गएं, पता ही नही चला ।**

જૈનદર્શન સંબંધી વર્કશોપમાં આવનારા વિદ્યાર્થીઓ સાથે પણ વાર્તાલાપ થતો. વિદેશીઓ સાથે પણ બેઠક થતી. થોડા કિસ્સા યાદ આવે છે. એક પછી એક જોઈએ.

(૧)

જૂની હેન્લન. શિકાગો યુનિવર્સિટીમાં તે આર્કિયોલોજીનો વિષય લઈને પીએચડી કરી રહી હતી. વિદેશિની હોવા છતાં તેનો વ્યવહાર ભારતીય જેવો હતો. નમ્રતા, જિજ્ઞાસા, સન્માન આપવાની વૃત્તિ. એ રાતના સમયે લાઈટને ચકરાતા જીવડાઓને બચાવવા માટે આમતેમ દોડતી રહેતી. દિવસના સમયે બગીચાના રસ્તા પર કીડા-મંકોડા-ઈયળ-



Scanned by CamScanner

અળસિયા કે પતંગિયાને સહેજ પણ પીડા ન પહોંચે, તેનો એ ખ્યાલ રાખતી. એક મોટું જીવડું દીવાલને અથડાઈને ખૂણામાં પડેલું તેને એ રૂમાલમાં ઊંચકીને દૂર ખૂણામાં મૂકી આવી હતી.

આ જોયા બાદ એમ લાગ્યું કે આની સાથે વાત કરવી જોઈએ. અને એ વાર્તાલાપ થયો. મેં એને પૂછ્યું : યુ સીમ મોર ઇંન્ડિયન એન્ડ લેસ ફોરેનર વ્હોટ ઈઝ ધીઝ ? બાય ધ વે, હાઉ ડીડ યુ સ્ટાર્ટ ટુ બિલીવ ઈન જૈનિઝમ્ ?

એણે લંબાણથી જવાબ આપ્યો. પુરાતત્ત્વના વિધવિધ રિસર્ચવર્કમાં એને વધુ ગમે શિલાલેખો વાંચવાનું. જૂની લિપી ઉકેલવાની. એમાં રહેલી સંવત્ ઉકેલવાની. ભાષાને સમજવાની. અંગ્રેજી તરજુમો તૈયાર કરવાનો. આવા ઘણાય શિલાલેખ તે વાંચી ચૂકી હતી. એક શિલા લેખમાં અહિંસા અને સંયમ શબ્દ એક સાથે વાંચવા મળ્યા. બેય શબ્દનો અર્થ અને ભાવાર્થ સમજવાની કોશિશ કરી અને અચાનક એની જિંદગી બદલાઈ. એ અનુભવ એના શબ્દોમાં :

'એક્ચ્યુઅલી આય એમ અ શાય પર્સન. હું બહુ મળતાવડી નથી. મારી પાસે મિત્રવર્તુળ જેવું કશું છે નહીં. હું મારામાં મસ્ત રહું છું. વાંચન રસોઇ, બગીચો. એવું બધું. મારી આસપાસ રહેનારા સૌને પોતપોતાનું મિત્રવર્તુળ હોય તે જોવા મળતું અને મને થતું હું એકલવાયી છું. દોસ્તીમાં, તમારે સામા માણસને સમય આપવો પડે, સન્માન આપવું પડે, સામાન-સામગ્રી આપવાની, આ બધાની માટે જે સ્વભાવ હોવો જોઈએ તેવો મારો સ્વભાવ નથી. મને મારાં કામમાં પરોવાયેલા રહેવાનું ગમે છે. આ અર્થમાં હું એકલી પડી જતી. પરંતુ જૈનિઝમની અહિંસા મને શીખવા મળી ત્યારથી મારું એકલવાયાપણું ભાંગી ગયું. આય કેમ યુ નો કે બીજાને દુઃખ ન આપવું તે જ સાચો મૈત્રીભાવ છે. તમે દુઃખ ન આપવા માટે સભાન પ્રયત્ન કરો તે અહિંસા છે, અને એ જ સાચો પ્રેમ છે. આ વાત સમજાતી ગઈ અને મારું વર્તન બદલાતું ગયું. હવે હું પાણી બગાડતી નથી. બિનજરૂરી લાઇટ્સ કરતી નથી. નાના નાના જીવોને મારા થકી પીડા ન થાય એની કાળજી લઉં છું. એગિંદિયા બેઈંદિયાં તેઈંદિયા ચઉરિંદિયા પંચિંદિયા. આ પાંચ જીવચેતનાની બને તેટલી અહિંસા પાળું એ મારો પ્રેમ છે. આ કીડી મારી મિત્ર છે. ઝાડ, ફૂલ અને પાંદડા મારા મિત્ર છે. પંખી, પશુ અને જલચર મારા મિત્ર છે. આ સૌની સાથે મારો પ્રેમ વહેંચું છું. જૈનિઝમને કારણે મને આખી સૃષ્ટિ સાથે મૈત્રી કરવા મળી છે. આયમ લકી ટુ હેવ અ સ્પેશ્યલ કનેક્ન્કશન વિથ જૈનિઝમ.

હું પૂર્ણ અહિંસાનું પાલન કરી શકતી નથી. જેટલી શકય બને તેટલી અહિંસા પાળું છું. કપડામાં , ખાવાપીવામાં અહિંસાનું ધ્યાન રાખું છું. મારી ઈચ્છા છે કે વધારેમાં વધારે અહિંસા પાલન કરું...

એનું બોલવાનું અટકયું ત્યારે એની આંખમાં અહોભાવનાં આંસુ હતાં.

મંદ મિથ્યાત્વની ભૂમિકાએ પ્રથમ ગુણ-સ્તાનક હોય છે. શું આ વિદેશી મહિલા આ ભૂમિકાની નજીક પહોંચી હશે. ખબર નથી. ચોક્કસ કહી ન શકાય. એને જૈન દર્શન અને અહિંસા માટે જે આદર હતો તે ભરપૂર હતો.

(૨)

હંટર જોસલિન અમેરિકન વિદ્યાર્થી. તેને પ્રતિક્રમણની ક્રિયા અને વિધિ સમજવી હતી. એ કોઈ પાદરીજીનાં માર્ગદર્શન અનુસાર કન્ફેશન એન્ડ પ્રતિક્રમણ-આ વિષય પર કામ કરી રહ્યો હતો. એને ઈસાઈ પરંપરાની બધી જ જાણકારી હતી. એની પાસે જૈન દર્શન સંબંધી જાણકારી બહુ ઓછી હતી. મારી સાથે તે કલાકો સુધી ચર્ચા કરતો રહ્યો. એના જેવું અંગ્રેજી હું નહોતો બોલી શકતો એનાથી એને કશો ફરક પડતો નહોતો. મેં એને છ આવશ્યક અને તેનાં સૂત્રો વિશે વિગતવાર સમજાવ્યું હતું. એને જૈનદર્શન



Scanned by CamScanner

દ્વારા પ્રતિપાદિત પ્રતિક્રમણની ક્રિયામાં ઘણો જ રસ હતો. એને બારતીય ઉચ્ચારો ફાવે નહીં. છતાં અમુક સૂત્રો વાંચવાની, યાદ કરવાની તેણે કોશિશ કરી હતી. એ ભાવનાત્મક રૂપે જૈન દર્શનથી પ્રભાવિત હતો કે બૌદ્ધિક સ્તરે એક નવો વિષય મળ્યો હોય, એ રીતે જૈનદર્શનની આ પવિત્ર વિધિને જાણવા માંગતો હતો, તે અંગે કંઈ ઠોસ કહી ન શકાય. એને જૈન મુનિ ગમી ગયા હતા. એ વર્કશોપ પૂરી થઈ એટલે અમેરિકા જતો રહ્યો. જતાં જતાં એ મને એક લેટર આપીને ગયો. શુદ્ધ અંગ્રેજી ભાષામાં લખેલો પત્ર. એણે એની સમજણ અનુસાર કૃતજ્ઞતાનું આવેદન કર્યું હતું.

(૩)

અન્ના સોકોલોવા. રશિયા. એને આઠ કર્મના અભાવમાં આત્માનું સુખ શું હોય એ સમજવું હતું. આઠ કર્મના કારણે આવી રહેલા દુ:ખો પણ એને સમજાવ્યા હતા. એ પહેલવહેલી વાર આત્મા વિશે સાંભળી રહી હતી. પૂર્વભવ અને પુનર્જન્મ, આ વિષય એના માટે આશ્ચર્ય રૂપ. ઇફ ધેર ઇઝ રિબર્થ, ધેન આય શુડ ચેન્જ માય લાઈફ. જો પરલોક જેવું કંઇક હોય તો મારે મારી જીવનશૈલી બદલવી પડે. એણે કબૂલ કર્યું હતું.

(૪)

એનું નામ યોકોસોટો જાપાન. જૈનદર્શન અનુસાર આત્માનું સ્વરૂપ શું છે તે એને જાણવું હતું. એ અન્ય દર્શનોની આત્મા સંબંધી માન્યતાઓ શું છે તે ભણીને આવ્યો હતો. એની પાસે દલીલો હતી. શાસ્ત્રપાઠો હતા. પ્રશ્નો હતા. સાથોસાથ, નવી વાત સમજવાની પ્રજ્ઞા પણ હતી અને તૈયારી પણ હતી. એને અંગ્રેજી ભાષા પણ પૂરી સમજાતી નહોતી. ધીમે ધીમે અટકીઅટકીને બોલો ત્યારે એને કંઇક પલ્લે પડે. એની જિજ્ઞાસા સંતૃપ્ત થઈ તે પછી એ બોલ્યો હતો કે,

'મેં તમારો ઘણો સમય લીધો. તમારો એ સમય તમે જે કાર્ય માટે આરક્ષિત રાખ્યો હતો તે કાર્ય મારાં કારણે ન થયું અને વિલંબમાં પડ્યું. મને આ સમજાય છે. હું આ અંગે તમારી ક્ષમાયાચના કરું છું. તમે મને સમય આપ્યો અને સરસ મજાનું માર્ગદર્શન આપ્યું એને લીધે મારું અધૂરું કામ પૂરું થઈ ગયું. હું આ બદલ તમારો ઉપકાર માનું છું. તમારી યાદ મારા મનમાં કાયમ માટે બનેલી રહેશે.'

એ ગદ્ગદ્ થઈ ગયો હતો.

(૫)

લીના ધનાની. ગિરનારમાં રસકૂપિકાઓ છે, એવું પ્રાચીનગ્રંથોમાં ઠેરઠેર લખેલું છે. આ રસ કૂપિકાઓમાં શું છે ? વનસ્પતિરસ ? કોઈ સ્પેશ્યલ કેમિકલ્સ ? આ રસકૂપિકાઓ આજના સમયમાં કેટલી વાસ્તવિકતા છે ? આ વિષય પર તે રિસર્ચ કરી રહી હતી. તેનું નામ ભારતીય. પરંતુ ભારતીય ભાષા આવડે નહિં. ભાંગ્યું તૂટ્યું બોલે એનો ટોન વિદેશી જ.

મારી સાથે એણે ગિરનાર સંબંધી ઘણીં ચર્ચાઓ કરી હતી. એણે ભારત આવીને હિંદી ભાષા હમણાં જ શીખી હતી. એના ગાઈડ, પીએચડીના ગાઈડ ઘણા કડક હતા, ઘણી મહેનત કરાવતા હતા. દુનિયાદારી મોજશોખમાં લીનાને રસ ઓછો હતો. ધ્યાન, તંત્રસાધના, ક્લાસિકલ અને ફોક મ્યુઝીક.

જૈન દર્શન અને જૈનધર્મ વિશે એની ઘણી અભિરુચિ હતી. નવકાર મહામંત્રના જાપ વિષે ઘણી ચર્ચા તેની સાથે થઈ હતી. એને ગિરનાર સંબંધી ઘણું બધું સાહિત્ય હું મોકલું એવી વાત થઈ હતી. એ માંગલિક સાંભળીને ગઈ પછી કોઈ સંપર્ક ન રહ્યો. આ એક વિદેશિની જૈન હતી. કચ્છી પરિવારની દીકરી એન.આર.આઈ. દેશ અને દેશની ભાષા સાથે એને ઝાઝી લેવાદેવા હોતી નથી. અલબત્ત દેશ માટે મમતા, રાષ્ટ્રભાવના હોય છે.

(૬)

એનું નામ યાદ નથી. એનો પ્રશ્ન હતો કે, સમાધિ મરણ કેવી રીતે મળે ? તેની તૈયારી કેવી રીતે થાય ?



Scanned by CamScanner

અચાનક મરણ આવી પડે તો સંલેખના અથવા સમાધિ મરણની વિધિ કેવી રીતે જળવાતી હોય છે ? મૃતકને માન-સન્માન દેવાની શું જરૂર છે ?

તેને સંથારા પોરિસી સૂત્ર અને સવ્વં તિવિહેણ વોસિરિયં આ શબ્દોનું તાત્પર્ય સમજાવ્યું હતું. એણે પોતાની લાઈફને સ્પિરિચ્યુઅલ એન્ડિંગ આપવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

મેં તેને પૂછ્યું હતું કે તમને જૈનદર્શનમાં શું વધારે ગમ્યું ? એણે થોડો વિચાર કર્યો અને કહ્યું કે 'મને અપરિગ્રહનો વિચાર ઘણો ગમ્યો છે. મારો સ્વભાવ ઝઘડાળું. વાતે વાતે ઝઘડા કરું બધાની સાથે મારે વાંધો પડે. મારા બધા જ સંબંધો તૂટી ચૂક્યા હતા. મારી પઝેશનની વૃત્તિ ઘણી તીવ્ર હતી. મેં જ્યારે અપરિગ્રહ વિશે વાંચ્યું ત્યારે આ પઝેશન વૃત્તિનું મને ભાન થયું ધીમે ધીમે હું સ્પષ્ટ થતો ગયો કે મારામાં પઝેશન વૃત્તિ ઘણી વધારે છે. જેમ જેમ આ પરિગ્રહને સમજતો ગયો તેમ તેમ મારી પઝેશન વૃત્તિ તૂટતી ગઈ. અને જેમ જેમ મારું પઝેશન ઘટતું ગયું તેમ તેમ મારા ઝઘડા ઘટતા ગયા. વસ્તુ, વ્યક્તિ, મેનેજમેન્ટ, ડિસિઝન જેવી દરેક બાબતોમાંથી પઝેશન ઘટતું ગયું. આજે હું શાંત, સૌમ્ય અને સમજદાર ગણાઉં છું. સંબંધો સુધરી ગયા છે. થેંકસ ટુ જૈનિઝમ.

એ બોલતો હતો ત્યારે ખુશખુશાલ દેખાતો હતો. એના દેશનું નામ યાદ નથી એ વખતે ડાયરીમાં લખ્યું હતું. આજે એ ડાયરી સાથે નથી.

આવા કેટલાય અજાણ્યા વિદેશીઓનાં જીવનમાંથી અશાંતિ દૂર કરી દેનાર આ જૈનશાસન માટે તે દિવસે એક નવો જ અહોભાવ અનુભવ્યો હતો.

(૭)

રેમી અલીન. શ્રદ્ધાળુ. ઇસાઇ વૃદ્ધા. આત્મા અને પરમાત્મા વચ્ચે ફરક શું છે તે એની જિજ્ઞાસા. એના મતે, પરમાત્મા સર્વવ્યાપી છે અને આપણે એનો એક અંશ. આપણી ભૂલો, પરમાત્મ તત્વની અનુભૂતિને રોકે છે. પરમાત્માને પ્રાર્થના કરવાથી ભૂલો ટળે છે. અને પરમાત્મતા-ની ઝાંખી થાય છે. પરમ આત્મતા.

મેં એને અરિહંત, સિદ્ધ અને કેવળજ્ઞાની-આ ત્રણ પરમ આત્મતા સમજાવી. એની દલીલો એકધારી ચાલતી રહી. આ વિશ્વ એક જ આત્માનું બનેલું છે, આ તેનો મુદ્દો. આ વિશ્વમાં અલગ અલગ અનંત આત્માઓ છે, આ વાત એ માની શકતી નહોતી. જો પરમાત્માનો જીવ અને મારો જીવ જુદો છે તો મારો એમની સાથે સંબંધ શું રહ્યો ? આ રીતના પ્રશ્નો એ કરતી રહી. અનાદિ મિથ્યાત્વથી શરૂ કરીને સિદ્ધ અવસ્થા સુધીનો ઉત્થાન ક્રમ સમજાવ્યો એને. હું જે સમજાવતો એમાં નાનાં નાનાં સુવાક્યો એની મેળે આવતા. એ સુવાક્યો, ચિંતનકણ એને ગમી જતાં. એ સતત લખતી રહેતી. નહીં નહીં તોય સિત્તેર જેટલાં સુવાક્યો એણે લખી લીધાં. બીજું પણ શું શું લખ્યું તે એને ખબર. મેં તેને કહ્યું કે તમારું અંગ્રેજી મારા કરતાં વધુ બહેતર છે. તમે એ સુવાક્ય, તમારી ભાષામાં સરસ રીતે લખી આપજો.

ઈટ ઈઝ ગુરુ દક્ષિણા, આય થિંક-એ બોલી હતી. એણે ઘણા બધા સુવાક્યો અંગ્રેજીમાં તૈયાર કર્યાં. જાતે કમ્પ્યુટર પર બેસીને ટાઈપ કર્યા અને પ્રિન્ટ આઉટ મને આપીને બોલી : હું માનું છું કે જીવનમાં ગુરુ હોવા જોઈએ- મારા જીવનમાં એક ગુરુ છે. હું એમના સિવાય કોઈનાથી પ્રભાવિત નથી થતી. પરંતુ હવે તમને પણ ગુરુની જેમ જ યાદ રાખીશ. મેં પ્રિન્ટ આઉટમાં મારો ઈમેલ આઇડી પણ એડ કર્યો છે. મને યાદ રાખજો.'

એ રડતાં રડતાં ગઈ. મારી પાસે એ પ્રિન્ટ આઉટ છે. પણ સામે ચાલીને એને કોઈ સંદેશ મોકલાવ્યો નથી.

(૮)

પાન્નવાગ્નુએક્સ.ફ્રાન્સ.એક ઈસાઈ ધર્મપ્રચારક. ખૂબ લાંબી ઓળખાણ બની હતી. મહિને, બે મહિને મળે. પ્રેમપદારથનો જીવ. એકદમ લાગણીશીલ, સૌમાં સારું જોવાનું વલણ હતું. જૈનધર્મ અનુસાર શાંતિ અને પ્રસન્નતા શું હોય,તે એ કેવી રીતે મળે. તેની વટ ચર્ચા



Scanned by CamScanner

થાય. ફોટોગ્રાફીનો ભારે શોખ. દરેક ધર્મમાં જે કરુણાભાવની વાતો રજૂ થઈ છે તેનો એમણે ઊંડો અભ્યાસ કરેલોતે પેરિસના રહેવાસી હતા પણ હવે પૂરેપૂરા બનારસ નિવાસી બની ગયા છે.

વીતરાગભાવ, તીર્થંકરના અતિશયો, સાધુની આહારચર્યા-આ એમની જિજ્ઞાસાના વિષયો હતા. એ ગંગા કિનારે ભાડાની રૂમમાં લાંબા સમયથી રહે છે અને હજી પણ રહેવાના છે. તેમણે મને કહ્યું હતું : 'કેન યુ કમ ટુ માય રૂમ આય વોન્ટ ટુ સર્વ યુ એટલિસ્ટ ટી. તમે મારી રૂમમાં પધારી શકો ? કમસેકમ હું ચા વહોરાવી શકું

એ ખૂબ બુદ્ધિશાળી હતા. પરંતુ અન્યના સદ્‌ગુણ પ્રત્યે મુગ્ધ થવાનો એમનો સ્વભાવ હતો. મૂળભૂત રીતે તેમને ઈસાઈમતનો પ્રચાર કરવા માટે ભારત મોકલવામાં આવ્યા છે. જોકે, આ ઈસાઈ ભારતના પ્રેમી બની ગયા છે. તેઓ ઈસાઈમતના એવા પ્રચારક છે જેમને લગ્ન કરવાની અનુમતિ નથી. મારી સાથે એમણે ક્યારેય બાઈબલ કે ઈસમસીહાની વાતો કરી નહીં. ગૌતમ બુદ્ધ અને ગૌતમસ્વામી પાર્શ્વપ્રભુ અને મહાવીર પ્રભુ. ઉપવાસ, કાઉસગ્ગ, ધર્મધ્યાન ઘણી બધી વાતો કરી એમની સાથે

આ એકમાત્ર વિદેશી એવા છે જેની સાથે મારો સંપર્ક બનેલો રહ્યો. હજી પણ એમના સંદેશ આવે. હું પણ કંઈક સંદેશ મોકલાવું. તેમનો વ્યક્તિગત જીવન સિદ્ધાંત કદાચ, એ છે કે -'હું સૌને સારા ભાવથી સન્માન આપું અને જેમાં જે સારું છે તેની પ્રશંસા કરું એ જ સાચો પ્રેમભાવ છે. વ્યક્તિગત બન્યા વિના પણ, આ પ્રેમભાવ મને વધુ ને વધુ સંસ્કારી બનાવી શકે છે. આ એમનું માનસ.

વેટિકન સિટી અને હાર્વર્ડ યુનિવર્સિટીમાં યોજાતી મોટી મોટી કોન્ફરન્સમાં, ભારત દેશની સંસ્કૃતિનો આંખે દેખ્યો અહેવાલ હોય એવા વકતવ્ય આપવા તે જાય છે.

(૯)

એક વિદેશી પ્રોફેસર હતા. અછડતો પરિચય થયો હતો. એમણે મને પૂછી લીધું હતું કે-'તમે આ વસ્ત્ર પહેરો છો એ જોઈને મને આશ્ચર્ય થાય છે.'

મેં મારા સફેદ વસ્ત્ર પર હાથ ફેરવીને પૂછ્યું હતું : એની પ્રોબ્લેમ ? વોટ હેપન્ડ.

એણે કહ્યું હતું કે -મારી જાણકારી મુજબ જૈન સાધુ પાસે કશું જ હોય નહીં. કપડાં તો બિલકુલ નહીં. જૈન મન્ક ઈઝ નોટ અલાઉડ ટુ હેવ ક્લોથ્સ ઓન બોડી. તમે આ બધું ઓઢી રહ્યા છો તે શું છે ?

મેં સમજાવ્યું કે જૈન દર્શનમાં ચાર સંપ્રદાય છે. તમે ફકત દિગંબર સંપ્રદાય અંગે જાણો છો. જેમ શરીર સાથે હોવા છતાં શરીરની મમતાથી બચી શકાય છે તેમ વસ્ત્ર સાથે હોવા છતાં વસ્ત્રની મમતાથી બચી શકાય છે.

એમને આ પ્રકારની દલીલો ગમી નહિ. એ દિગંબર સંપ્રદાયની શ્રમણચર્ચાના મોટા પ્રશંસક હતા. મેં વધુ વાત ન કરી જતા રહ્યા.

વિદેશમાં અને વિદેશીઓમાં જે જૈનદર્શન અને જૈન ધર્મ વિષયક જે શૈક્ષણિક ગતિવિધિઓ ચાલે છે. તેમાં દિગંબર પંડિતો અને પ્રોફેસરો ઘણો મોટો ભાગ ભજવતા હોય છે. આના કારણે એવું બને છે કે જૈન દર્શનના પ્રેમી બનેલા વિદેશી, દિગંબર સાધુને સન્માન વધુ આપે છે. અને અન્ય સાધુને સન્માન આપવા વધુ ઉત્સાહિત હોતા નથી. આવા વિદેશીઓ ભારત આવે તો જૈનધર્મનું સૌથી મોટું તીર્થ ગોમ્મટેશ્વર છે, એવું માનીને ત્યાં પણ જતા હોય છે. આ વિદેશીઓને શત્રુંજય તીર્થની જાણકારી હોતી નથી, અને એટલે તેઓ સમય હોવા છતાં શત્રુંજય જતા નથી, એથી શત્રુંજય આવનારા વિદેશીઓની સંખ્યા મોટી છે. એની ના નથી. જૈન દર્શન સાથે જોડાયેલા સેંકડો વિદ્યાર્થીઓ એવા પણ છે જેઓ શત્રુંજયનો મહિમા જાણતા જ નથી. તેઓ બાહુબલીજીને જુહારવા જાય છે, પરંતુ બાહુબલીજીના



Scanned by CamScanner

પિતાને જુહારવા જતા નથી.

એક વાત એ તીખાબોલા પ્રોફેસરને કારણે સમજવામાં આવી, કે જૈન દર્શન સાથે જોડાયેલા ઘણાય વિદેશીઓ પર દિગંબર સંપ્રદાયની છાયા બહુ પહેલેથી પડી ચૂકી હોય છે.

આ નવ કિસ્સાઓ જેવા ઘણા કિસ્સા બનેલા. બોધિબીજ એક સુંદર શબ્દ છે. જૈનધર્મ વિશે શ્રદ્ધા બને, તે પૂર્વેની ભૂમિકામાં જૈનધર્મ વિશે સારો એવો આદર બને છે. આ આદર જ આગળ વધીને શ્રદ્ધામાં પરિણમતો હોય છે. વિદેશી લોકો સાથેના વાર્તાલાપમાં દેખાતું કે તેઓ જૈન ધર્મ વિશે આદર ધરાવે છે. એવું નહોતું કે તેઓ એક માત્ર જૈનધર્મને માનવા માંડ્યા હતા. તેઓ બીજા બીજા ધર્મોમાં પણ રસ લેતા. બીજા ધર્મ માટે પણ એમના મનમાં આદર જોવા મળતો. મનગમતી વાત એ હતી કે જૈન દર્શન અને જૈન ધર્મ સંબંધી વિવિધ વિષયવસ્તુઓની જાણકારી તેમને પ્રભાવિત કરી દેતી. તેમની ડાયરીનાં પાનાઓ ભરાઈ જતા જૈનિઝમની નોટસથી.

વરસોવરસ ભારતમાં વિદેશીઓ આવે છે. જૈન ગુરુભગવંતોને મળતા નથી તેઓ. જૈન શિક્ષા સંસ્થાનોમાં યોજાતી વર્કશોપમાં તેઓ પહોંચી જાય છે. પૈસા ચૂકવીને પ્રવેશપત્ર મેળવે છે. દરેક વકતાઓને સાંભળે છે, અન્ય ધર્મો સાથે તેઓ તુલના પણ કરતા રહે છે. કુલ મળીને અઢાર કલાક અથવા ચોવીસ કલાક અથવા બત્રીસ કલાક તેઓ વર્કશોપમાં ભણે છે. પછી વિદેશ પાછા ફરે છે અને જૈન વર્કશોપમાં જે જાણવા મળ્યું તેને સાચું માનીને તે મુજબ જૈન દર્શન વિશે વિચારતા રહે છે, બોલતા રહે છે. અને લખતા રહે છે. પ્રશ્ન એ થાય છે કે એમની સમક્ષ જે વકતાઓ બોલે છે તેઓ પોતાની ભૂમિકા બરોબર નિભાવે છે ખરા ? બનારસે આ પ્રશ્નનો જવાબ પણ આપ્યો હતો.

(૨૦-૧૧-૧૮)

Scanned by CamScanner